



## ભિલોડા તાલુકામાં વિજથાંભલા માટે જમીન સંપાદન સામે ખેડૂતોમાં આક્રોશ

ભિલોડા તાલુકાના આદિવાસી ખેડૂતોની મોંઘા મુલી જમીનમાં પાવરગ્રીડ કંપની દ્વારા કોઈપણ જાતની સૂચના કે નોટિસ વગર હેવી વિજલાઈનના થાંભલા માટે વગર પરમિશને એક્વાયર કરી લેતા ખેડૂતો પાયમાલીને પંથે ખેડૂતોની રોજગારી છીનવાઈ જવા પામી છે. હાલમાં પાવરગ્રીડ કંપની અને ગ્રીન ગોલ્ડન કોરિડોર દ્વારા બનાસકાંઠાથી ચિતોઢગઢ સુધી ૭૬૦ કેવીની હેવી વિજલાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે. આ વિજલાઈન અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ૨૫ થી ૩૦ ગામડાઓમાંથી લઈ જવાનું કંપનીએ નક્કી કરેલ છે તે મુજબ ભિલોડા તાલુકાના ગરીબ અને આદિવાસી ખેડૂતોની જમીનમાં કંપનીના કર્મચારીઓએ ખેડૂતોને કોઈપણ જાતની નોટિસ કે આ બાબતની અન્ય કોઈ જાણકારી વગર વીજપોલ નાખવાની શરૂઆત કરી દીધી છે અને દરેક ખેડૂતના ખેતરમાં એક ખેડૂત દીઠ ત્રણ વિઘા જમીન સંપાદિત કરેલ છે આમ ભિલોડા તાલુકાના ૨૦થી ૨૫ ગામડાઓના ખેડૂતોની કરોડો રૂપિયાની મહામુલી જમીનમાં ઉભો પાક બરબાદ કરી ખાડાઓ કરી નાખતા હાલ ગરીબ આદિવાસી ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

## મેઘરજના રોલેશ્વર પાસે અમુલ દૂધ ડેરી લખેલા ટેમ્પામાંથી વિદેશી દારૂ ઝડપાયો

**પોલીસે દારૂ સહિત રૂ. ૯,૭૬,૮૦૦નો મુદ્દામાલ ઝડપ્યો : અમુલ દૂધ ડેરીના સીમ્બોલવાળો ટેમ્પામાં લઈ જવાતો હતો દારૂ : ટેમ્પો ચાલક ટેમ્પો મુકી ફરાર**

મેઘરજ, તા. ૨૫

રાજયમાં વિદેશી દારૂ ગુસાડવા બુટલેગરો અવનવા નુસખાઓ અપનાવી રહ્યા છે ત્યારે મેઘરજ તાલુકાના રોલેશ્વર પાસેથી શુક્રવારના રાત્રીના સમયે મેઘરજ પોલીસે અને એલસીબીએ બાતમીના આધારે વોચ ગોઠવી પંચાલ તરફથી દારૂ ભરી આવતો અમુલ ડેરીના સીમ્બોલવાળો ટેમ્પો ઝડપી પાડી રૂ. ૯,૭૬,૮૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.




મેઘરજ પોલીસને શુક્રવારના રોજ બાતમી મળી હતી કે પંચાલ બાજુથી અમુલ દૂધ ડેરી લખેલ ટેમ્પો વિદેશી દારૂ લઈ મેઘરજ તરફ આવી રહ્યો છે ત્યારે મેઘરજ પોલીસ તેમજ એલસીબીએ રાલેશ્વર પાસે રાત્રી દરમિયાન વૉચ ગોઠવી હતી. તે અરસામાં પંચાલ રોડ બાજુથી બાતમીવાળો ટેમ્પો આવતાં સરકારી વાહનની આડાશ કરી ટેમ્પો અટકાવતા ટેમ્પાનો ચાલક પોલીસને જોઈ અંધારાનો લાભ લઈ ભાગી છુટ્યો હતો. અને પોલીસે ટેમ્પાની અંદર તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂ મળી આતાં ટેમ્પાને પોલીસ દ્વારા મેઘરજ પોલીસ સ્ટેશને લાવી દારૂની ગણતરી કરતાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો તેમજ બીયરના ટીન મળી કુલ નં. ૩૦૨૪ જેની કિંમત રૂ. ૩,૭૬,૮૦૦નો દારૂ તેમજ ૪૦૭ ટેમ્પાની કિંમત રૂ. ૬ લાખ મળી કુલ રૂ. ૯,૭૬,૮૦૦નો મુદામાલ ઝડપી પાડી ગુજરાત સરકારના નવા સુધારાની કલમ ૬૫ એ.ઈ. તથા ૧૧૬ બી મુજબ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી મેઘરજ પી.એ.આઈ. જી.કે. બારોટે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## ભડથનો નાસતો ફરતો આરોપી ચોડુંગરી નજીકથી ઝડપાયો

પાલનપુર, તા. ૨૫

પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરના માર્ગદર્શન અને સુચના હેઠળ આર. કે. પરમાર (પો.સચિવ ઈન્સ. પેરોલ/ફ્લો. સ્કોર્ડ, પાલનપુર) અને તેમની ટીમ એ.એસ.આઈ. ખુંમાજી રામાજી, પો.કોન્સ. રમેશકુમાર અમૃતલાલ, અ. હેડ. કોન્સ. ગોવિંદભાઈ, કાંનજીભાઈ પો. કોન્સ. ગીરીશભાઈએ. ચોરીઓના ગુના કરી નાસ્તા ફરતા આરોપીઓની તપાસમાં હતા ત્યારે દાંતીવાડા પો.સ્ટે. આ.ગુ.ર.નં. ૨૮/૨૦૧૪ ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ ના ગુનાના નાસતા ફરતા આરોપી ઠાકોર વાઘેલા દરબાર દલાજી મગુંજી (ઉ.વ. ૫૮ રહે. ભડથ, અમરાણી પાર્ટી તા. ડીસા) ગત દાંતીવાડાથી કુંચાવાડા જતા રોડ ઉપર ચોડુંગરી ગામના પાટીયા પાસે રોડ ઉપરથી પસાર થતાં પકડી પાડી આગળની કાર્યવાહી કરવા દાંતીવાડા પો.સ્ટે. સોંપેલ છે.




## ડીસાના યોગેશ્વર પેટ્રોલ પંપમાં અડધો અડધ ઓછુ ડીઝલ આપતા બખેડો

ડીસા પાટણ ચાર રસ્તા પાસે આવેલ યોગેશ્વર મોબાઈલ્સ પેટ્રોલ પંપ આવેલ છે. જેમાં ગત રોજ ડીસાથી પાટણ જવા માટે પોતાની ગાડી (નં.જી.જે.૨ ડી. એ.એ. ૩૩૨૮) પેટ્રોલ પંપ પર ગાડીમાં ડીઝનલ નંખાવવા માટે આવેલા ગ્રાહકે પેટ્રોલ પંપ પર ડીઝલ ભરનારને ૧૬ લીટર ડિઝલ નાંખવાનું કહેલ. જેથી કરીને ડિઝલ ભરનારે ડિઝલ નાંખી આપેલ. જોકે ગાડી માલીકને શક જતા તેમણે ચકાસણી કરી હતી. જે ડીઝલ ઓછુ જણાતા તેમણે બરાબર ચેક કરી પુરૂ ડિઝલ નાંખવાનું કહેતા ફરજ પરના શખ્સે ઉશ્કેરાઈને કહ્યું કે, તમારી ગાડીમાં બરોબર ડિઝલ નાંખેલ છે. તમારી ગાડીનું ડિઝલ કાંટો ખરાબ હશે તેમ કહેતા ગાડી માલીક અને પેટ્રોલ પંપ માલિક વચ્ચે બોલાચાલી થવા પામી હતી. જેથી પંપ પર લોકોના ટોળે ટોળા વધી ગયા હતા. કેટલાક લોકોએ કહ્યું હતું કે, આ પંપ પર તો અનેકવાર ઓછુ ડીઝલ-પેટ્રોલ આપતા હોય તેવી બુમરાડ પડી છે. છતાં પંપ માલિક કોઈની ફરીયાદ સાંભળતા નથી ત્યારે ડીઝલ ભરાવનાર ગ્રાહકે કહું ભાઈ તું સાચો છે તો મારી ગાડીમાંથી તમામ ડિઝલ બહાર કાઠ એટલે ખબર પડશે તું ચોર છે કે હું. પંપના માણસોએ ગાડીમાંથી તમામ ડીઝલ બહાર કાઢયુ તો માત્ર ૮ લીટર હતું. જેથી બાદમાં અન્ય ડીઝલ કયાં ગયું ? આથી પંપ માલીકે ગાડી માલીકને ઓફિસમાં બોલાવી સમાધાનની વાત કરતા મામલો શાંત પડયો હતો.

## ખેડબ્રહ્માના કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરે ૧૩ કુંડીયજ્ઞ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્માની હરણાવ નદીના કિનારે આવેલા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર પરિસરમાં મહા શિવરાત્રી નિમિત્તે ૧૩ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્માના પ્રિન્સિપાલ સીવીલ જજ એ.એ. દવેએ પૂજનવિધિ અને દિપ પ્રાગટ્ય કરી યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આ યજ્ઞના મુખ્ય યજમાન મોદી છોટાલાલ તુલસીદાસ સહીત ૪૨ યજમાનો દ્વારા સવાલાખ મહા મૃત્યુંજય મંત્રથી આહુતી આપવામાં આવી હતી.

આ યજ્ઞના મુખ્ય આચાર્યપદે શાસ્ત્રી અમરીષભાઈ જોષી તથા અન્ય ભૂદેવો દ્વારા યજ્ઞ સંપન્ન કરાવ્યો હતો. આ યજ્ઞમાં ટ્રસ્ટના પ્રમુખ રવીન્દ્રભાઈ ઠાકર, મંત્રી બાલુપ્રસાદ ત્રિવેદી, બંસીલાલ સોની, રાજુભાઈ જાની, જેઠાલાલ મિસ્ત્રી સહીત ટ્રસ્ટીઓ તથા આર.આર. જાની, કીર્તિભાઈ જોષી સહીત શહેરના મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.



## ભિલોડા-નવાભવનાથ બહેરા-મુંગા માસુમ બાળકોની સ્કુલમાં તિથી ભોજન અપાયુ

ભિલોડા-નવાભવનાથ બહેરા-મુંગા માસુમ બાળકોની સ્કુલમાં ૩૧મી લગ્નતિથી નિમિત્તે ગુણવંતભાઈ ત્રિવેદી, સંગીતાબેન ત્રિવેદી, ભિલોડાના નવદંપતી ધ્વારા તિથી ભોજન અપાયું હતું. નવાભવનાથ અક્ષરનિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ, નવાભવનાથ, ભિલોડા સંચાલિત મુકબધીર વિદ્યાલયના બહેરાં-મુંગા માસુમ બાળકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ચંદ્રવદનભાઈ રાવલ, સંજયભાઈ શાહ, સંજયભાઈ સુથાર સહિત સેવાભાવી કાર્યકરો, મુકબધીર વિદ્યાલયનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા. ગુણવંતભાઈ ત્રિવેદી પરીવારના ઉચ્ચ સંસ્કારોના પગલે સુપુત્ર જીગર ત્રિવેદી, સુપુત્રી મિથીલા ત્રિવેદી, પુત્રવધુ શિવાની ત્રિવેદીએ માતા-પિતાની લગ્નતિથી નિમિત્તે ઉજવણીમાં ભાગ લીધો હતો.

## ખેડબ્રહ્માના બ્રહ્માજી ચોકમાં વાલી સંમેલન યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્માના બીએપીએસ સ્વામીનારાયણ મંદિર દ્વારા બાળપ્રવૃત્તિ અંતર્ગત ગુરૂવારે રાત્રે બ્રહ્માજી ચોકમાં વાલી જાગૃતિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં પોતાના અને વિશ્વના ભવિષ્ય એવા પોતાના સંતાનોના ઘડતર માટે દરેક માતા-પિતાએ શું કરવુ જોઈએ એ સંદર્ભે સંતો દ્વારા સુંદર પ્રેરણા -સંવાદ અને પ્રવચન આપવામાં આવ્યા હતા. ઉપરાંત મહંતસ્વામી મહારાજના વિડીયો દ્વારા આશીર્વચનો દર્શાવવામાં આવ્યા હતા.

## પાલનપુરમાં આવતીકાલે યોજાશે પદ્મશ્રી ગેનાજી પટેલનો સન્માન સમારોહ

**આંજણા ટાઈમ્સ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન**

પાલનપુર માં આવતી કાલે આંજણા ટાઈમ્સ મેગેઝીન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે જ્યા બનાસકાંઠા ના ગૌરવ સમાન ગેનાજી પટેલ નું જાહેર માં સન્માન કરવામાં આવનાર છે.મોટા ભાગે બ્લડ ની જરૂર જ્યારે કોઈપણ વ્યક્તિ ને અચાનક જરૂર પડે ત્યારે જ સમજાય છે જો કે આવતી કાલે પાલનપુર માં ૫૦૦ થી વધુ બ્લડ યુનિટ એકઠું કરવાની સંભાવના વ્યક્ત કરાઈ છે જો કે આ સમારોહમાં રાજકીય પક્ષાપક્ષી થી દૂર રહી આયોજન કરાયું છે તેમજ સવાર ના ૯.૩૦ થી ૧૨ કલાક સુધી આબુ હાઈવે પર આવેલા ચૌધરી ચા કોમ્પ્લેક્ષ ના મેદાનમાં આ કેમ્પ તેમજ સન્માન સમારોહ નું આયોજન કરાયું છે જેમાં પધ્મ શ્રી ગેનાજી પટેલ સહીત,પાલનપુર નાયબ કલેકટર આર કે પટેલ,આજણા ટાઈમ્સ પરિવારના રટણ ચૌધરી,જસવંત જેગોડા (ડેપ્યુટી કલેકટર ,સિદ્ધપુર), કિરણભાઈ ચૌધરી(ડીવાયએસપી ,અમદાવાદ) તેમજ ભગવાન ભાઈ પટેલ અને વીરજીભાઈ જુડાલ ખાસ હાજરી આપનાર છે.



જો કે આ પ્રસંગે સમાજ ના તેમજ અન્ય સ્થાનિક લોકો મોટી સંખ્યા હાજરી આપનાર છે ત્યારે આ પ્રસંગે સ્થાનિકો સહીત ચૌધરી સમાજ ના યુવાનો ને પણ ખાસ હાજર રહેવા અપીલ કરાઈ છે.

## કંબોઈ ચાર રસ્તા પાસે ટેન્કરની ટક્કરથી બાળકી ઘાયલ

કાંકરેજ, તા. ૨૫

કંબોઈ ચાર રસ્તા પર આજે સવારના સુમારે બનાસડેરીના દૂધના ટેન્કરે ચાલતી જતી પાંચ વર્ષની બાળકીને હડફેટે લેતા બાળકી ફંગોળાઈ ગઈ હતી. આ બનાવમાં બાળકીને પગમાં તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા શિહોરી રેફરલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે ધારપુર મેડીકલ કોલેજ ખાતે લઈ જવાઈ હતી. અકસ્માત સર્જાતા ચાર રસ્તા પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. જ્યારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કંબોઈ ચાર પાસે આજે સવારના સુમારે પાલનપુર સ્થિત બનાસડેરીનું દૂધનું ટેન્કર નં. જીજે.૦૮. એયુ. ૮૮૮૯ના ચાલકે બેફામ રીતે ગફલતભરી રીતે ટેન્કર હંકારતા રાનેર તરફ જતા માર્ગ પર નીચેની બાજુએ ચાલતા જતા માતા-પુત્રીમાંથી પુત્રી કંકુ ભરતજી ઠાકોર ઉ.વ. ૫ ને હડફેટે લેતા દૂર ફંગોળાઈ ગઈ હતી.



આ બનાવમાં કંકુને પગ તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ને કોલ કરતા આવી પહોંચતા શિહોરી રેફરલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ધારપુર મેડીકલ કોલેજ ખાતે લઈ જવાઈ હતી. અકસ્માતને પગલે લોકોના ટોળેટોળા માર્ગ પર ઉમટતા થોડીવાર માટે ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો. જ્યારે પોલીસે ગુનોં નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામમાં એસ.ટી. બસ ન જતી હોવાની રાવ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં સરકારી બસસેવાનો પુરતો લાભ ન મળતો હોવાથી લોકોને નાણાં ખર્ચી જીવના જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી રહી છે. ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા ૫ કીમીના અંતરે આવેલુ છે. અને લક્ષ્મીપુરા તાલુકાનુ સૌથી વધુ વસ્તી ધરાવતું સૌથી મોટુ ગામ છે. ગામમાં હોસ્પિટલ અને શૈક્ષણિક સંકુલ આવેલ છે. ખેડબ્રહ્માથી વિજયનગર જતી તમામ એસ.ટી. બસો લક્ષ્મીપુરાથી જાય છે. પરંતુ જતી વખતે જતી બસો વળતી વખતે બારોબાર જતી રહે છે. દિવસમાં ચાર બસો દોડતી હોવા છતાં લોકો તેનો ઉપયોગ કરી શકતા નથી.

લક્ષ્મીપુરા ગામના ભરતભાઈ એલ. પ્રજાપતી, ભરતભાઈ આર. પટેલના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્માથી ૮, ૧૧, ૧ અને ૩ વાગે એમ ચાર બસો વિજયનગર માટે જાય છે. જે ગામ વચ્ચેથી પસાર થાય છે. પરંતુ પરત ફરતી વખતે એક પણ બસ ગામમાંથી જતી નથી. જેથી ગામમાંથી ખેડબ્રહ્મા જવાવાળા લોકોને પૈસા અને સમયનો વ્યય કરી જીવના જોખમે ખાનગી વાહનમાં મુસાફરી કરવાનો વારો આવે છે. લક્ષ્મીપુરા હોસ્પિટલમાં રાજસ્થાનના દર્દી આવતા હોવાથી તેમને લક્ષ્મીપુરાથી ખેડબ્રહ્મા અને ખેડબ્રહ્મા ચાર રસ્તાથી એસ.ટી. ડેપો જવાના અલગ ભાડા ચુકવવા પડે છે. જેથી ગરીબ દર્દીઓને આર્થિક નુકસાન વેઠવુ પડે છે. જેથી એસ.ટી.ની બસ ગામમાંથી જાય તેવી લોક માંગણી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧